# સિવિલાઈઝ મોડર્ન સંકુલ

હરેકૃષ્ણ સોસાયટી, નાના વરાછા, સુરત.

An ISO 9001:2015 Certified School
where every child excels...

## (ધો:1 થી 4, ગુજરાતી માધ્યમ, બપોરપાળી)

## વિષય:- P.T.M. શેડયૂલ & સંપૂર્ણ વર્ષની અગત્યની માહિતી વર્ષ:- 2023-24

➡ દરેક વાલીમિત્રો એ સ્કૂલના કોન્ટેક નંબર ડિવિઝન મુજબ **Save** કરી જે - તે ડિવિઝન મુજબ જ ફોન કરવાનો રહેશે.

**ડિવિઝન – 1**

સ્કૂલ હેલ્પલાઇન નં:- 70484 50004
70484 50005

**ડિવિઝન – 2**

વ્હીકલ હેલ્પલાઇન નં:- 70484 50007
99093 34033

**સંપૂર્ણ વર્ષ નીચેની માહિતી ખાસ ધ્યાનમાં રાખવી.**

**અગત્યની નોંધ:-**

➡ ધો.1 થી 4 (ગુજરાતી માધ્યમ) ના વાલીમિત્રોએ કેલેન્ડર મુજબ સંપૂર્ણ વર્ષ દર મહિનાના ત્રીજા શનિવારે સ્ટુડન્ટ ના કલાસટીચર ને મળવાનો સમય (પેરેન્ટસ મિટીંગ) (**P.T.M.**) નીચે મુજબ રહેશે.

### ★ મિટીંગ શેડયૂલ : 2023-24 ★

| ક્રમ | તારીખ | વાર | સંપૂર્ણ વર્ષ P.T.M. સમય | અન્ય નોંધ |
|---|---|---|---|---|
| 1 | 15/07/2023 | શનિવાર | | |
| 2 | 19/08/2023 | શનિવાર | | |
| 3 | 16/09/2023 | શનિવાર | | |
| 4 | 20/01/2024 | શનિવાર | | |
| 5 | 17/02/2024 | શનિવાર | | |
| 6 | 16/03/2024 | શનિવાર | | |

| રોલ નં. | સમય |
|---|---|
| 1 to 14 | 1 : 00 to 2 : 00 P.M |
| 15 to 28 | 2 : 00 to 3 : 00 P.M |
| 29 to 42 | 3 : 00 to 4 : 00 P.M |

**નોંધ** :- **P.T.M.** માં વ્યવસ્થાના ભાગરૂપે ઉપરોક્ત તારીખ અને જે તે રોલનંબરના સમય મુજબ જ મિટીંગમાં વાલીમિત્રોએ આવવાનું રહેશે. મિટીંગના સમયથી વહેલા/ લેટ આવવું નહિ.

:- કોઇ કારણસર મિટીંગ શનિવારે કેન્સલ થશે તો અગાઉ નોટિસ દ્વારા જાણ કરવામાં આવશે.

:- સંપૂર્ણ વર્ષ દરમિયાન પેરેન્ટસ મિટીંગના દિવસે સ્ટુડન્ટસને સ્કૂલ પર રજા રહેશે.

:- **PTM** માં શક્ય હોય ત્યાં સુધી અવશ્ય હાજરી આપવી.અને સ્ટુડન્ટસને અનુકૂળતા પ્રમાણે સાથે લાવવો.

★ ઓકટોબર અને નવેમ્બર માં અનુક્રમે એકઝામ (પરીક્ષા) અને દિવાળી વેકેશન ઓપન થયું હોવાથી મિટીંગ રહેશે નહિ.

:- સપ્ટેમ્બર અને માર્ચ મિટીંગમાં પરીક્ષાલક્ષી માહિતી મેળવી લેવી.

:- પેરેન્ટસ મિટીંગ માં કલાસમાં શક્ય ત્યાં સુધી ફોનમાં વાતચીત કરવી નહિ. જેથી અન્ય પેરેન્ટસને ડિસ્ટર્બ ન થાય અરજન્ટ કોલ હોય તો બહાર જઇ ધીમા અવાજે વાત કરવી.

:- સ્કૂલ ગેટમાં પ્રવેશ કર્યા બાદ ધૂમ્રપાન ની કે પાન – મસાલા મોંમા રાખવાની કે ખાવાની સખ્ત મનાઇ છે. તે બાબતમાં સહકાર આપવો. ગેટકીપર સાથે દલીલ કરવી નહિ.

:- ઉપરોક્ત આપેલ ટાઇમ સિવાય ટીચરને **P.T.M.** માં મળી શકાશે નહી.

P.T.O.

**અન્ય નોંધઃ-**

- ➪ સ્કૂલમાં કોઈપણ હેતુથી આવવાનું થાય ત્યારે સૌ પ્રથમ એડમિનીસ્ટ્રેટીવ ઓફિસનો સંપર્ક કરવો તેમજ વિદ્યાર્થીનું ધોરણ/ વર્ગ /માધ્યમ/ વ્હીકલ નંબર નો અવશ્ય ખ્યાલ હોવો જોઈએ. (ઉ.દા. ફી ભરવા)
- ➪ વિદ્યાર્થી કોઈપણ કારણસર (પ્રસંગ/બિમારી) વિદ્યાર્થી **1 અથવા 2** દિવસ માટે ગેરહાજર રહેવાનું હોય તો અગાઉ અવશ્ય હેલ્પલાઈન નંબર પર ફોન કરી રજા ફરજિયાત લખાવવાની રહેશે અને બે દિવસથી વધુ રજા લેવાની હોય તો સ્કૂલ પર રૂબરૂ આવી લીવ રિપોર્ટ ભરી રજા મંજુર કરાવવાની રહેશે. (રજા ચિઠ્ઠી માન્ય ગણાશે નહિ.) રજા મંજૂર કરાવ્યા વગર રજા પાડી શકાશે નહિ.
- ➪ સંપૂર્ણ વર્ષ ધો -**1** થી **4** ના વિદ્યાર્થીને **03:30** પહેલા રજા મળશે નહિ તે ખાસ નોંધ લેવી. વાલીમિત્રો રજા લેવા માટે (વિદ્યાર્થીને વહેલો લેવા) આવે ત્યારે સ્કૂલ દ્વારા આપેલ નવું વાલીકાર્ડ (પેરેન્ટ્સ કાર્ડ) સંપૂર્ણ વિગત ભરી અવશ્ય સાથે લાવવાનું રહેશે. જૂનું વાલીકાર્ડ (પેરેન્ટ્સ કાર્ડ) સ્વીકાર્ય નથી અને એડમિનીસ્ટ્રેટીવ માંથી ગેટપાસ બનાવ્યા પછી જ વિદ્યાર્થીને લઇ જવાનો રહેશે. વાલીકાર્ડ (પેરેન્ટ્સ કાર્ડ) વગર વિદ્યાર્થી મળશે નહિ તેની નોંધ લેવી. કોઇપણ પ્રકારનું કારણ (ડાયરેક ધંધા પરથી આવ્યા છીએ/ ઘરે કોઇ નથી) ચાલશે નહિ. તમારો સહકાર સલામતી માટે ખૂબ જરૂરી છે. (વાલીકાર્ડ ખોવાઇ/ તૂટી જાય તો આ વર્ષની ફી રિસિપ્ટની પહોંચ લઇ આવી એડમિનીસ્ટ્રેટીવ ઓફિસ માંથી નવું મેળવી લેવાનું રહેશે.
- ➪ વિદ્યાર્થીની કોઈપણ વસ્તુ સ્કૂલે ભુલાઇ ગઇ હોય અથવા બદલાઈ ગઇ હોય તો હેલ્પલાઈન નંબર પર ફોન કરી જાણ કરવી.
- ➪ આપનું બાળક અન્ય વિદ્યાર્થીની કોઈપણ વસ્તુ ભૂલમાં ઘરે લાવેલ હોય તો બીજા દિવસે બેગમાં મોકલી આપવી. દરેક વાલીમિત્રોએ આ બાબત ઉદાર ભાવના રાખી સહકાર આપવો. (બાળક નિર્દોષ છે)
- ➪ વિદ્યાર્થીની દરેક વસ્તુ પર નામ લખવું અથવા સ્ટીકર લગાવવું (ઉ.દાઃ- લંચ બોકસ, સ્કૂલબેગ, વોટરબેગ, કંપાસબોક્ષ, પાઠ્ય પુસ્તક, બુક વગેરે.)
- ➪ વિદ્યાર્થી સાથે સંપૂર્ણ વર્ષ **1** નાનો રૂમાલ (હેન્કી) તેમજ જરૂરી સ્ટેશનરી (પેન્સિલ, રબર વગેરે) ફરજિયાત મોકલવાની રહેશે.
- ➪ સંપૂર્ણ વર્ષ વ્હીકલ બાબત પ્રોબ્લેમ હોય તો વ્હીકલ હેલ્પલાઇન નંબર પર ફોન કરવો અથવા ગ્રાઉન્ડ ફલોર માં વ્હીકલ ઓફિસમાં વ્હીકલ મેનેજર ને મળવાનું રહેશે.
- ➪ પેરેન્ટ્સ એ વિકલી ટેસ્ટ બાબત કાળજી લેવી અને દર ગુરૂ/ શુક્રમાં સ્કૂલમાંથી આપેલ જવાબ પેપર ચેક કરવા તેમજ એલ્મેનેકમાં સહી કરવી.
- ➪ ઘરનું એડ્રેસ અને મોબાઈલ નંબર ચેન્જ થાય તો એડમિનીસ્ટ્રેટીવ ઓફિસમાં ફરજિયાત તરત જાણ કરવાની રહેશે.
- ➪ દર સોમવારે બાળકના વાળ/નખ ચેક કરવામાં આવશે તો વાળ/નખ કાપીને મોકલવાના રહેશે.
- ➪ સંપૂર્ણ વર્ષ કોઈપણ હેતુથી વર્ગશિક્ષકશ્રીને મળવાનું થાય તો સમય 5:25 થી 5:40 સુધીમાં મળવાનું રહેશે અથવા **P.T.M.** માં મળવાનું રહેશે.
- ➪ સંપૂર્ણ વર્ષ વાર્ષિક રજા લિસ્ટ 2023-24 મુજબ રજા રહેશે. જેની નોંધ લેવી. (સંજોગો વસાત રજામાં ફેરફાર થશે તો નોટિસ દ્વારા જાણ કરવામાં આવશે.)
- ➪ બાળકને કોઈ વસ્તુ / પદાર્થની એલર્જી અથવા અન્ય શારિરીક સમસ્યા હોય તો અવશ્ય વર્ગશિક્ષકશ્રી તેમજ પ્રિન્સિપાલને રૂબરૂ મળી જાણ કરવી.
- ➪ સ્કૂલમાંથી આપવામાં આવેલ એલ્મેનેક / વાલી કાર્ડ (પેરેન્ટ્સ કાર્ડ) / ટાઇમ ટેબલ ની અંદર દર્શાવેલી તમામ વિગત (ઉ.દા. સ્કૂલ ટાઇમ શેડયૂલ / રજા લિસ્ટ / એન્ડ્રોઇડ એપ ની માહિતી / ફી ના નિયમો / ડ્રેસકોડ બાબત / અન્ય બાબત અવશ્ય (ફરજિયાત) શાંતિપૂર્વક વાંચી સમજી લેવી તેની સંપૂર્ણ વિગત ભરવી તેમજ જરૂર મુજબ દર મહિને સહી કરવી. સંપૂર્ણ વર્ષ તે નિયમો બંધનકર્તા રહેશે.
- ➪ એલ્મેનેકમાં પેજ નં **28** પર દર મહિને પ્રિન્સિપાલશ્રી ની સહી થયા બાદ તારીખ **5** સુધીમાં વાલીની સહી ફરજિયાત કરવી.
- ➪ સ્કૂલમાંથી ફી બાબત નોટિસ આપવામાં આવે ત્યારે દર્શાવેલ તારીખ અને સમય મુજબ જે-તે સેમેસ્ટરની સ્કૂલ ફી અને વ્હીકલ ફી ફરજિયાત ભરવાની રહેશે. લેટ ફી ભરનારને લેટ ફી ચાર્જ ભરવાનો રહેશે.
- ➪ દરેક કલાસમાં સ્ટુડન્ટની બેઠક વ્યવસ્થામાં રોટેશન સિસ્ટમ રહેશે. જેની નોંધ લેવી.
- ➪ બાળકના અભ્યાસ, વર્તન અંગે જયારે પ્રિન્સિપાલશ્રી કે શિક્ષકશ્રી બોલાવે તો વિના વિલંબે તાકીદે રૂબરૂ મળવું અને સહકાર ભર્યુ વર્તન કરવું.
- ➪ સ્કૂલમાંથી આપવામાં આવતી નોટિસનો અમલ ફરજિયાત પણે કરવો તથા સ્કૂલ દ્વારા આયોજીત કોઈપણ કાર્યક્રમમાં બોલાવવામાં આવે ત્યારે અચૂક સમયસર હાજર રહેવું.
- ➪ બાળકને સમયસર જ સ્કૂલે મુકવા-લેવા આવવું. મોડા આવનાર વિદ્યાર્થીને પ્રવેશ મળશે નહિ.

**P.T.O.**

Civilize

⇨ (વ્હીકલ ફેસીલિટી ન લેનાર એટલે સેલ્ફ ) સેલ્ફવાળા સ્ટુડન્ટને સ્કૂલ સમય મુજબ જ બાળકને લેવા/ મુકવા આવવાનું રહેશે 10 મિનિટ થી વહેલા મૂકી જવા નહિ અને સ્કૂલ છૂટયાના સમયે જ લેવા આવી જવાનું રહેશે.સંપૂર્ણ વર્ષ શકય હોય ત્યાં સુધી રેગ્યુલર લેવા આવતી વ્યકિત એજ આવવું તેથી વ્યવસ્થા જળવાઇ રહે જેની ખાસ નોંધ લેવી.

⇨ વિદ્યાર્થીને એલ્મેનેકમાં દર્શાવ્યા મુજબ નો ડ્રેસ વ્યવસ્થિત રીતે પહેરાવવાના રહેશે.

## ડ્રેસકોડ બાબત:-

⇨ એલ્મેનેક માં દર્શાવ્યા મુજબ દરેક વિદ્યાર્થી એ સ્વચ્છ & સુઘડ સ્કૂલ દ્વારા નકકી કરેલ કલર અને પેટર્નના ઇસ્ત્રી કરેલ કમ્પલીટ સ્કૂલ યુનિફોર્મ માં આવવાનું રહેશે અને આઇકાર્ડ ફરજિયાત દરરોજ પહેરાવવાનું રહેશે.

⇨ બાળકના અભ્યાસ અંગે કે બીજા કોઈ પણ પ્રશ્ન અંગે સૌ પ્રથમ પ્રિન્સિપાલ પાસે રજૂઆત કરવી. ડાયરેક કલાસટીચર ને મળી શકાશે નહિ.

⇨ બાળક વધુ પડતુ બિમાર હોઈ અથવા વાઇરસજન્ય રોગ હોય (ચેપી) તો સ્કૂલ પર મોકલવું નહિ. રજા મંજૂર કરાવવી અને 3 દિવસથી વધુ બિમાર રહે તો ડૉકટરી સર્ટી અવશ્ય એડમિનીસ્ટ્રેટીવ ઓફિસમાં સ્ટુડન્ટ સ્કૂલે આવે ત્યારે જમા કરાવવાનું રહેશે.

⇨ સંપૂર્ણ વર્ષ સ્કૂલ દ્વારા આયોજીત ડે / ફેસ્ટીવલ / કોમ્પિટીશન માં વિદ્યાર્થીને ઉત્સાહપૂર્વક ભાગ લેવા પ્રોત્સાહન આપવું (નંબર ની અપેક્ષા રાખવી નહિ. વિદ્યાર્થીને ડિમોટીવેટ કરવા નહિ.) વર્ષ દરમિયાન સ્કૂલમાં (મિટીગ સિવાય) આવો ત્યારે ગેટ પર જરૂરી માહિતીની એન્ટ્રી કરવી અને ત્યાંથી આપેલ આઇ કાર્ડ પહેરવાનું રહેશે. ગેટકિપરને સહકાર આપવો.

⇨ સ્કૂલની વર્તમાન પ્રવૃતિ (ફોટો, રિઝલ્ટ, નોટિસ વગેરે) ની જાણકારી "સિવિલાઇઝ એન્ડ્રોઇડ એપ" પરથી મળતી હોય છે. તે વિશેની ગાઇડ લાઇન એલ્મેનેકમાં દર્શાવિલ છે.

સ્કૂલ દ્વારા મોકલવામાં આવતા **Text Messages** તેમજ આપવામાં આવતી તમામ નોટિસ અવશ્ય વાંચવી સમજવી અને સંપૂર્ણ વર્ષ ઘરે ફાઇલ કરી સાચવવી વિદ્યાર્થીની સ્કૂલબેગ & એલ્મેનેક મમ્મીએ દરરોજ ચેક કરવી સ્કૂલમાં શું પ્રવૃત્તિ થઇ તે બાબત બાળકને દરરોજ પૂછવું પ્રોત્સાહન આપવું.

અગત્યની નોંધ:- સંપૂર્ણ વર્ષ પેરેન્ટ્સ નીચે મુજબના ટાઇમ માં પ્રિન્સિપાલને મળી શકશે.

| ક્રમ | વાર | ટાઇમ |
|---|---|---|
| 1 | સોમ થી શુક્ર | **03:00 p.m. થી 04:30 p.m.** |

➢ સંપૂર્ણ વર્ષ એડમિનીસ્ટ્રેટીવ ઓફિસમાં ફી ભરવાનો ટાઇમ સવારે **8:00** થી બપોરે **4:00** સુધીનો રહેશે.

➢ સ્કૂલ ગેટમાં પ્રવેશ કર્યા બાદ ધૂમ્રપાનની કે પાન - મસાલા મોંમા રાખવાની કે ખાવાની સખ્ત મનાઈ છે. તે બાબતમાં સહકાર આપવો. ગેટકીપર સાથે દલીલ કરવી નહિ.

**"કોઈપણ સમસ્યાના સમાધાન માટે તેનો તાત્કાલિક ઉપાય કરવા કરતાં તેના વિશે અવલોકન કરી વિચાર કરવો વધુ સારો છે."**

civilize